RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 250* Date: 30.06.2023, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## વરસાદની આગાહી વચ્ચે અમદાવાદમાં મેઘરાજાની તોફાની બેટિંગ




રાજયમાં ચાર દિવસથી અનેક જિલ્લાઓમાં વરસાદ વરસી રહ્યો છે અને હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી આપી છે ત્યારે આજે અમદાવાદ શહેરમાં વરસાદી માહોલ સર્જાયો હતો અને શહેરમાં ૧૦ વાગ્યા બાદ અનેક વિસ્તારમાં ભારે વરસાદ શરુ થયો છે. શહેરમાં ભારે વરસાદના પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાય ગયા છે તેમજ વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.


અમદાવાદમાં સવારથી જ વરસાદી વાતાવરણ જોવા મળ્યુ હતું અને ૧૦ વાગ્યા બાદ અનેક વિસ્તારમાં વરસાદ પડતા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતી. આ ઉપરાંત શહેરના અનેક રસ્તાઓ પર ભારે ટ્રાફિક જોવા મળ્યો હતો. શહેરમાં નરોડા, નવા નરોડા, નિકોલ, કૃષ્ણનગર, સૈજપુર, મેસ્કો, શિવરંજની, શ્યામલ, સેટેલાઈટ, વસ્ત્રાપુર તેમજ એસજી હાઈવે પર વરસાદ વરસ્યો હતો જેના પગલે અનેક રસ્તાઓ પર ટ્રાફિક જામ થયો હતો. શહેરમાં પડેલા વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. શહેરમાં ભારે વરસાદને પગલે રસ્તાઓ પાણી પાણી થઈ ગયા હતા.

રાજયમાં સાર્વત્રિક વરસાદ થઈ રહ્યો છે અને કેટલાક વિસ્તારોમાં મુશળધાર વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાય ગયા હતા. ગઈકાલે રાત્રે ગાંધીનગરમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી અને અનરાધાર વરસાદને પગલે ઘ ૨ તેમજ પથિકાશ્રમ પાસે પાણી ભરાય ગયા હતા. આ સાથે ગઈકાલે અમદાવાદમાં પણ ધીમીધારે વરસાદ પડ્યો હતો જેમા વસ્ત્રાપુર,એસ.જી.હાઈવે અને ગોતામાં વરસાદ પડ્યો હતો. રાજયમાં હવમાન વિભાગે આગામી ૧ જુલાઈ સુધી વરસાદની આગાહી કરી છે અને નવસારી અને વલસાડમાં ભારે વરસાદની સંભાવનાને પગલે રેડ એલર્ટ જાહેર કરાયુ છે. આ ઉપરાંત સુરત અને ડાંગ તેમજ તાપીમાં પણ વરસાદની શક્યતાને લઈ અને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સાથે સાથે દાદરા નગર હવેલી અને દમણમાં પણ રેડ એલર્ટ જાહેર કરાયું છે.

## ISRO ૧૩ જુલાઈએ ચંદ્રયાન-૩ લોન્ચ કરશે

એજન્સી

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ૈજીઈ) ૧૩ જુલાઈના રોજ ચંદ્રયાન-૩ લોન્ચ કરશે. ચંદ્રયાન-૩ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સેન્ટરથી બપોરે ૨.૩૦ કલાકે લોન્ચ કરવામાં આવશે. જો ચંદ્રયાન-૩નું પ્રક્ષેપણ સફળ થશે તો ભારત આવું કરનાર ચોથો દેશ બની જશે. આ પહેલા અમેરિકા, રશિયા અને ચીન ચંદ્ર પર પોતાના અવકાશયાન ઉતારી ચૂક્યા છે.ચંદ્રયાન-૨ મિશન ૨૨ જુલાઈ ૨૦૧૯ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. પરંતુ તેના લગભગ ૨ મહિના બાદ ૭ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ જ્યારે તે ચંદ્રના



દક્ષિણ ધ્રુવ પર ઉતરવાનો પ્રયાસ કરી રહ્યું હતું ત્યારે વિક્રમ લેન્ડર ક્રેશ થઈ ગયું હતું. આ સાથે જ ચંદ્રયાનની ૪૭ દિવસની સફળ યાત્રાનો અંત આવ્યો હતો. જોકે, ત્યારથી ભારત ચંદ્રયાન-૩ મિશનની તૈયારી કરી રહ્યું હતું ચંદ્રયાન મિશન હેઠળ ચંદ્રનો અભ્યાસ કરવા માંગે છે. ભારતે ૨૦૦૮માં પ્રથમ વખત ચંદ્રયાન-૧ સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું. આ પછી ભારત ૨૦૧૯માં ચંદ્રયાન-૨ના પ્રક્ષેપણમાં નિષ્ફળ રહ્યું હતું. હવે ભારત ચંદ્રયાન-૩ લોન્ચ કરીને ઈતિહાસ રચવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે. ચંદ્રયાન-૩ને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડ કરવામાં આવશે. આ મિશનને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે, તેમાં ઘણા વધારાના સેન્સર ઉમેરવામાં આવ્યા છે. તેની ઝડપ માપવા માટે તેમાં 'લેઝર ડોપ્લર વેલોસિમીટર' સિસ્ટમ લગાવવામાં આવી છે.

## મણિપુરમાં હિંસા પીડિતોને મળવા જતાં રાહુલ ગાંધીના કાફલાને પોલીસે રોક્યો, કોંગ્રેસ લાલઘૂમ

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી મણિપુર પહોંચીને હિંસા પીડિતોને મળવા એરપોર્ટથી રવાના થયા હતા ત્યારે માત્ર ૨૦ કિમી જ આગળ વધતા તેમના કાફલાને બિષ્ણુપુર જિલ્લામાં પોલીસે રોકી દીધો હતો. પોલીસે કહ્યું હતું કે આગળ અશાંતિ છે.રાહુલ ગાંધી આજથી મણિપુરના બે દિવસીય પ્રવાસ પર છે. તેઓ આજે સવારે દિલ્હીથી ફ્લાઈટ દ્વારા મણિપુર પહોચ્યા હતા. રાહુલ ગાંધી આજે અને આવતીકાલે મણિપુરમાં રાહત શિબિરોની મુલાકાત લેશે અને પીડિતોની સ્થિતિ જાણશે. આ ઉપરાંત રાહુલ મણિપુરની રાજધાની ઈમ્ફાલ અને ચુરાચંદપુરમાં નાગરિક સમાજના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરશે. બપોરે તુઈબોંગમાં ગ્રીનવુડ એકેડમી અને ચુરાચંદપુરમાં સરકારી કોલેજની મુલાકાત લેશે જેના બાદ કોન્ઝેંગબામમાં કોમ્યુનિટી હોલ અને મોઈરાંગ કોલેજ પહોચશે.પૂર્વોત્તર રાજય



મણિપુર છેલ્લા ૫૮ દિવસથી હિંસાની આગમાં સળગી રહ્યું છે અને આ હિંસામાં ૧૨૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. આ પહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ મણિપુર ગયા હતા અને રાહત શિબિરોની મુલાકાત લીધી હતી અને પીડિતોની વાત સાંભળી હતી. એક સપ્તાહ પહેલા ગૃહમંત્રીએ દિલ્હીમાં મણિપુરની સ્થિતિને લઈને ૧૮ પક્ષો સાથે સર્વપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠકમાં સપા અને આરજેડીએ મણિપુરના સીએમ બિરેન સિંહના રાજીનામાની માંગ કરી હતી. આ સાથે મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની પણ માંગ કરવામાં આવી હતી.

## વે H-1B વિઝાધારકો કેનેડામાં પણ ઓપન વર્ક પરમિટ પર કામ કરી શકશે



અમેરિકન એચ-૧બી વીઝાધારકો માટે કેનેડાએ મોટી પહેલ કરી છે. હવે ૧૦,૦૦૦ અમેરિકન એચ-૧બી વીઝાધારકોને કેનેડામાં આવીને કામ કરવાની અનુમતિ આપવા માટે એક ઑપન વર્ક પરમિટ સ્ટ્રીમ તૈયાર કરાશે. કેનેડાના ઈમિગ્રેશન મંત્રી સીન ફ્રેઝરે ૨૭ જૂનના રોજ તેની જાહેરાત કરી છે.એક સત્તાવાર પ્રકાશન અનુસાર કેનેડાના શરણાર્થી અને નાગરિકતા મંત્રાલયે કહ્યું કે આ કાર્યક્રમ હેઠળ એચ-૧બી વીઝાધારકોના પરિવારના સભ્યોને પણ વર્ક પરમિટ અપાશે. મંત્રાલયે કહ્યું કે હાઈટેક સેક્ટરમાં હજારો કર્મચારી તે કંપનીઓમાં કાર્યરત છે જે કેનેડા અને અમેરિકા બંનેમાં ઑફિસ ધરાવે છે. અમેરિકામાં કામ કરતા લોકો મોટા ભાગે એચ-૧ બી બિઝનેસ વીઝા રાખે છે. ૧૬ જુલાઈ, ૨૦૨૩ સુધી અમેરિકાના ૐ૧-મ્બિઝનેસ વીઝાધારકો અને તેમની સાથે આવતા પરિવારના સભ્યો કેનેડા આવવા માટે અરજી કરવાને પાત્ર હશે.ૐ-૧મ્ વીઝા વિદેશી નાગરિકોને ટેક સેક્ટર સહિત કેટલાક વિશેષ વ્યવસાયોમાં અસ્થાયી રીતે અમેરિકામાં કામ કરવાની મંજૂરી આપે છે. મહામારી દરમિયાન ટેક કંપનીઓએ ભરતી કરી હતી.

## ૬ દિવસ બાદ સમુદ્રમાંથી કાઢવામાં આવ્યો ટાઈટન સબમરીનનો કાટમાળ, યાત્રીઓના અવશેષો પરથી બહાર આવી આ માહિતી

એટલાન્ટિક મહાસાગરમાં ટાઈટન સબમરીનનો કાટમાળ મળી આવ્યો છે. યુએસ કોસ્ટ ગાર્ડે જાહેરાત કરી છે કે સમુદ્રના તળમાંથી મળેલી ટાઈટન સબમરીનનો કાટમાળ મળી આવ્યો છે. તેમાં માનવ અવશેષો પણ છે. તેની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે, જેથી વિસ્ફોટનું કારણ શું હતું તે જાણી શકાય. તે જાણીતું છે કે એટલાન્ટિક મહાસાગરમાં ટાઈટેનિકના કાટમાળને બતાવવા માટે ૧૮ જૂનના રોજ ઓશનગેટ કંપનીની સબમરીન ગુમ થઈ



હતી. આ સબમરીનમાં ચાર મુસાફરો અને એક પાયલટ હતા. સબમરીન ગુમ થયા બાદ રડાર અને વિશ્વના ટોચના નૌકાદળના અધિકારીઓની મદદથી તેની શોધ શરૂ કરવામાં આવી હતી. ચાર દિવસ પછી ૨૩ જૂને તેનો કાટમાળ દરિયામાં વેરવિખેર જોવા મળ્યો હતો. જે બાદ સબમરીનમાં સવાર તમામ ૫ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી હતી. હવે આ સબમરીનનો કાટમાળ દરિયામાંથી નીકાળી લેવામાં આવ્યો છે.યુએસ કોસ્ટ ગાર્ડે બુધવારે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે સ/ફ હોરાઇઝન આર્કટિક (એક એન્કર હેન્ડલિંગ જહાજ)એ સેન્ટ જોન્સ, ન્યૂફાઉન્ડલેન્ડની નજીક ટાઈટન સબમર્સિબલના સ્થળે સમુદ્રના તળમાંથી સબમરીનનો કાટમાળ અને પુરાવાઓ મેળવ્યા છે. હવે મરીન બોર્ડ ઓફ ઈન્વેસ્ટિગેશન (સ્રૈં) પુરાવાઓની તપાસ કરશે. કોસ્ટ ગાર્ડે જણાવ્યું હતું કે તબીબી ટીમો કાટમાળમાં રહેલા માનવ અવશેષોનું પણ વિશ્લેષણ કરશે. એમબીઆઈના પ્રમુખ કેપ્ટને જણાવ્યું હતું કે, ×આ મહત્વપૂર્ણ પુરાવાને સુરક્ષિત કરવા અને સાચવવામાં સંકલિત આંતરરાષ્ટ્રીય અને આંતર-એજન્સી સપોર્ટ માટે હું આભારી છું.× પુરાવા આપત્તિજનક નુકસાનના કારણોને સમજવામાં અને આવી દુર્ઘટના ફરીથી ન બને તેની ખાતરી કરવામાં મદદ કરશે. સબમરીનના ક્ષતિગ્રસ્ત ભાગોને દરિયામાંથી લાવવામાં આવ્યા છે અને કેનેડાના સેન્ટ જોન્સમાં લેન્ડ કરવામાં આવ્યા છે.દરમિયાન, પેલેજિક રિસર્ચ સર્વિસ, કંપની કે જે ટાઈટન કાટમાળ પુનઃપ્રાપ્તિ વાહનોની માલિકી ધરાવે છે, વધુમાં જણાવ્યું હતું કે તેણે હાલમાં ઓફશોર કામ ×સફળતાપૂર્વક પૂર્ણ× કર્યું છે. સેન્ટ જહોન્સમાં કેનેડિયન કોસ્ટ ગાર્ડ વ્હાર્ફ ખાતે હોરાઇઝન આર્કટિક દ્વારા ઉપાડવામાં આવેલા ભંગારમાંથી એક સફેદ પેનલ જેવો ટુકડો અને સફેદ તાડપત્રીમાં વીંટાળેલા દોરીઓ અને વાયરો સાથેનો સમાન કદનો ટુકડો હતો. સબમરીનના ભંગારમાં લેન્ડિંગ ફ્રેમ, રીઅર કવરનો સમાવેશ થાય છે.

## રાંચીના બસ ટર્મિનલ પર પાંચ બસોમાં આગ લાગતાં અફરાતફરી, મુસાફરોમાં ભયનો માહોલ

ઝારખંડની રાજધાની રાંચીના કંટાટોલી સ્થિત બસ સ્ટેન્ડ પર પાર્ક કરેલી ૫ બસોમાં આગ લાગવાના સમાચાર મળી રહ્યા છે. ઘટનાની ભયાનક તસવીરો પણ સામે આવી છે. તસવીરોમાં બસો સળગતી જોવા મળી રહી છે. બસોમાં લાગેલી આગને કારણે ત્યાં



કામ કરતા કર્મચારીઓ અને ત્યાં હાજર અનેક મુસાફરોમાં નાસભાગની સ્થિતિ સર્જાઈ હતી. ગયા વર્ષે દિવાળીના અવસર પર આવી જ એક ઘટના બની હતી જ્યારે બસમાં આગ લાગી હતી જેમાં સૂતેલા ડ્રાઈવર અને કો-ડ્રાઈવરનું મોત થયું હતું.

## કેજીએફ કોપીરાઈટ કેસમાં રાહુલ ગાંધી અને જયરામ રમેશને કોઈ રાહત નહીં

બેંગ્લુરૂ,તા.૨૯

કર્ણાટક હાઈકોર્ટે હિટ ફિલ્મ 'KGF ચેપ્ટર-૨'ના સંગીતના કથિત કોપીરાઈટ ઉલ્લંઘન બદલ કોંગ્રેસ નેતાઓ રાહુલ ગાંધી, જયરામ રમેશ અને સુપ્રિયા શ્રીનાટે વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી હ્લૈંઇને રદ કરવાનો ઈનકાર કરી દીધો છે. જસ્ટિસ એમ. નાગપ્રસન્નાએ કોંગ્રેસના ત્રણ નેતાઓની અરજીને ફગાવી દેતા આ ચુકાદો આપ્યો હતો.કોપીરાઈટ ઉલ્લંઘન અંગેની ફરિયાદ લહારી મ્યુઝિકની પેટાકંપની એમઆરટી મ્યુઝિકના એમ. નવીન કુમાર દ્વારા બેંગલુરુના યશવંતપુર પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવી હતી.


## તંત્રી લેખ......

# સમાન સંહિતાથી ધર્મનિરપેક્ષ લોકતંત્રને મજબૂતી

સંપૂર્ણ સંપ્રભુતા-સંપન્ન, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, લોકતંત્રાત્મક, ગણરાજ્ય ભારતના બંધારણ અંતર્ગત ભાગ-૪માં 'સમાન નાગરિક સંહિતા' અનુચ્છેદ-૪૪ના માધ્યમથી રાજ્યના નીતિ-નિર્દેશક તત્ત્વોમાં વર્ણિત છે. તેમાં કહેવામાં આવ્યું છે કે 'રાજ્ય, ભારતના સમસ્ત રાજ્યક્ષેત્રમાં નાગરિકો માટે એક સમાન નાગરિક સંહિતા પ્રાપ્ત કરાવવાનો પ્રયાસ કરશે.' અહીં એ ધ્યાન આપવું જરૂરી છે કે આ જ બંધારણના અનુચ્છેદ-૩૭માં એ પણ પરિભાષિત છે કે રાજ્યના નીતિ નિર્દેશક તત્ત્વ સંબંધી જોગવાઈઓને કોઈપણ ન્યાયાલય દ્વારા પ્રવર્તિત નહીં કરી શકાય, પરંતુ તેમાં સમાયેલ સિદ્ધાંત શાસન વ્યવસ્થામાં મૌલિક પ્રકૃતિના હશે. 'સમાન નાગરિક સંહિતા'થી દેશના પ્રત્યેક નાગરિક માટે એક સમાન કાયદો હોય છે, ચાહે તે કોઈપણ ધર્મ, જાતિ કે સમુદાયથી કેમ ન હોય. હાલમાં મુસલમાનો, ઈસાઈઓ અને પારસીઓ માટે પોતાના અલગ-અલગ વ્યક્તિગત નિયમ છે, જ્યારે હિંદુ દિવાની કાયદા અંતર્ગત હિંદુ, શીખ, જૈન અને બૌદ્ધ આવે છે.

ભારતમાં સામયિક પ્રચલિત વ્યવસ્થાથી વિપરીત, 'સમાન નાગરિક સંહિતા' આ વિચાર પર આધારિત છે કે સભ્ય સમાજમાં ધર્મ અને વ્યક્તિગત કાયદા વચ્ચે કોઈ સંબંધ નથી હોતો તથા તેમાં વિવાહ, તલાક, ભરણ-પોષણ, બાળકો દત્તક લેવા, સંરક્ષકતા-વારસો અને સંપત્તિના ભાગલા/ઉત્તરાધિકાર જેવા તમામ વિષયોને ધર્મો-જાતિઓ-સમુદાયો માટે સમાન રૂપે લાગુ કરવામાં આવે છે. ભારતમાં સમાન નાગરિક સંહિતાવાળા 'ગોવા' રાજ્ય ઉપરાંત વર્તમાનમાં મોટાભાગના ભારતીય કાયદા જેમ ભારતીય અનુબંધ અધિનિયમ, ૧૮૭૨, સા-ય અધિનિયમ, ૧૮૭૨, સંપત્તિ હસ્તાંતરણ અધિનિયમ, ૧૮૮૨, નાગરિક પ્રક્રિયા સંહિતા, ૧૯૦૮, માલ-વિક્રય અધિનિયમ, ૧૯૩૦, ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨, દંડ પ્રક્રિયા સંહિતા, ૧૯૭૩ વગેરે આખા ભારતવર્ષમાં સંપૂર્ણ એકરૂપતાથી લાગુ કરવામાં આવે છે.નાગરિક કાયદામાં પણ સમરૂપતા લાવવા માટે અલગ-અલગ સમય પર ન્યાયપાલિકાએ હંમેશાં પોતાના નિર્ણયોમાં પૂરજોર અવાજ ઉઠાવ્યો છે કે સરકારે સમાન નાગરિક સંહિતા સુનિશ્ચિત કરવાની દિશામાં પ્રયાસ કરવો જોઈએ. આ સંદર્ભે શાહબાનો મામલે આપવામાં આવેલ ૧૯૮૫નો નિર્ણય સર્વવિદિત છે, તથા ૧૯૯૫નો સરલા મુદ્ગલ કેસ તથા ૨૦૧૭નો શાયરા બાનો કેસ પણ આ સંબંધે ઘણા ચર્ચિત છે.

# જી.એન.એફ.સી. દ્વારા નિર્મિત નર્મદા નેનો યુરિયાનું લોન્ચીંગ કરતાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલ




વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા અને યુરિયા ખાતરની આયાત ઘટાડીને બહુમૂલ્ય વિદેશી હુંડિયામણ બચાવવાનાના હેતુથી ભારત સરકારે નેનો યુરિયાના વપરાશ ઉપર વિશેષ ભાર મૂક્યો છે. રાષ્ટ્રવિકાસના આ ઉમદા હેતુમાં સહભાગી થવા માટે જી.એન.એફ.સી. દ્વારા નર્મદા નેનો યુરિયાનો લોન્ચીંગ સમારંભ કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલના હસ્તેથી ગીફ્ટ સીટી, ગાંધીનગર ખાતેથી કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી ભારતને રાસાયણિક ખાતરોના વપરાશ અંગે આત્મનિર્ભર કરવા દ્રઢ નિશ્ચયી છે. ખેડૂતોને રાસાયણિક ખાતરો વ્યાજબી ભાવે મળી રહે તે માટે રાસાયણિક ખાતરોમાં ભારત સરકાર દ્વારા આ વર્ષે ૧.૭૫ લાખ કરોડ રૂપિયા સબસીડીની ફાળવણી કરવામાં આવી છે. જે ગત વર્ષે ૨.૨૫ લાખ કરોડ રૂપિયા જેટલી હતી.દેશનો કુલ યુરીયા વપરાશ ૩૫૦ લાખ મે.ટન છે. ૮૦ થી ૯૦ લાખ મે.ટન જેટલી યુરીયાની આયાત કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે, રૂ.૨૬૬ ની ૪૫ કિલોની થેલી ભારત સરકારને રૂ.૨૦૦૦-૨૨૦૦ ની પડતર થાય છે. દરેક કંપની વાઈઝ તેની ઉત્પાદન કિંમત મુજબ વધારાની સબસીડી ચુકવવામાં આવે છે. માટે જ 'વન નેશન વન ફર્ટીલાઈઝર' યોજના હેઠળ બધા સબસીડી યુક્ત ખાતરો "ભારત" બ્રાન્ડ હેઠળ વેચાણ કરવા માટે સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.

કૃષિ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ઉભા પાકમાં નેનો યુરીયાનો છંટકાવ કરવામાં આવે તો, યુરીયાનો વપરાશ ઘટાડી શકાય. એક બોટલ નેનો યુરીયા જે રૂ.૨૨૫ માં પ્રાપ્ત થાય છે. તે યુરીયા ખાતરની એક થેલી બરાબર અસરકારક છે. નેનો યુરીયાનાં છંટકાવથી નાઈટ્રોજનની સમયસર ભરપાઈ થાય છે. નાઈટ્રોજનનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે. સંગ્રહ તથા પરિવહનનો ખર્ચ ઘટી જાય છે. પાકની ઉપજ, ગુણવત્તા અને નફામાં નોંધપાત્ર વધારો થાય છે. ખાતરોના વધુ પડતા વપરાશથી થતા જમીન, હવા અને પાણીનાં પ્રદૂષણનો પણ અટકાવ થાય છે. નેનો યુરીયાના વપરાશ થકી રાષ્ટ્રના રૂ.૨૦૦૦ ની બચત આપણે કરી શકીએ. તે સિવાય યુરીયાના વપરાશથી પેદા થતાં નાઇટ્રસ ઓક્સાઇડ જેવા હાનીકારક વાયુ નેનો યુરિયાના ઉપયોગથી પેદા થતાં નથી. જેના પર્યાવરણની રક્ષા પણ થશે.

જીએનએફસીને અભિનંદન પાઠવી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 'જીએનએફસી' ની બ્રાન્ડ થકી 'નર્મદા નેનો યુરીયા' વેચવાનો નિર્ણય અને તેનો અમલ ખેડૂતોમાં નેનો યુરીયાના વપરાશ માટે પ્રોત્સાહન પુરું પાડશે. કંપનીના ૪૯ જેટલા નર્મદા ખેડૂત સહાય કેન્દ્રો તથા કૃષિ તજજ્ઞોના મજબૂત માળખા સાથે જીએનએફસીની ટીમ વિસ્તરણ કાર્યોમાં કાયમ માટે અગ્રેસર હોય છે. તેમની આ સ્ટ્રેન્થ જ 'નર્મદા નેનો યુરીયા' ના પ્રચાર પ્રસાર થકી ઉપયોગમાં તેજી લાવશે.


આ પ્રસંગે જીએનએફસીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પંકજ જોશી એ જણાવ્યુ હતુ કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા તેમજ યુરિયાના ઉપયોગને ઘટાડીને દેશમાં વિદેશી હુંડિયામણની બચત કરવાના ઉદ્દેશો સાથે જીએનએફસી દ્વારા નર્મદા નેનો યુરિયા તૈયાર કરવામાં આવ્યું છે. જે યુરિયાના મજબૂત વિકલ્પ તરીકે કાર્ય કરશે અને ખેડૂતો માટે આશીર્વાદ રૂપ બની રહેશે. તેમણે આવનારા સમયમાં કંપની દ્વારા નેનો ડીએપી, નેનો ઝીંક જેવા ઉત્પાદનોનું માર્કેટિંગ પણ હાથ ધરાશે તેમ જણાવી જીએનએફસીની મજબૂત નાણાકીય સ્થિતિનો ચિતાર પણ આપ્યો હતો. આ તકે શ્રી જોશીએ નર્મદા નેનો યુરિયાના લોન્ચિંગને ગુજરાતની કૃષિ ક્રાંતિમાં સહભાગી થવાના જીએનએફસી ના પ્રયાસરૂપે જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે કૃષિ ઉદ્યોગમાં ક્રાંતિ લાવવાની ક્ષમતા નેનો યુરિયામાં છે.

આ પ્રસંગે જીએનએફસીના માર્કેટિંગ વિભાગના વડા શ્રી જી.કે.પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી નર્મદા નેનો યુરિયા અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમના ઓનલાઇન પ્રસારણ થકી રાજયના અનેક વિસ્તારથી ખેડૂતો અને સહકારી અગ્રણીઓ સહભાગી બન્યા હતા.

# છેલ્લા ૯ વર્ષ માં ઓર્ગેનિક ખેતી થતી જમીનમાં એક ઈંચ નો વધારો નથી: લોકસભામાં અપાયેલા જવાબ મુજબ

રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે પત્રકાર મિત્રોને સંબોધતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતાશ્રી પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર ની ઓર્ગેનિક ખેતી નીતિ સંપૂર્ણ નિષ્ફળ નીવડી છે. લોકસભા માં અપાયેલ જવાબ મુજબ છેલ્લા ૯ વર્ષ માં ઓર્ગેનિક ખેતી ની જમીન માં એક ઈંચ નો પણ વધારો થયો નથી. ભાજપ સરકાર દ્વારા દર વર્ષે ઓર્ગેનિક ખેતી ના નામે બજેટ માં કરોડો ની જાહેરાત થાય છે પણ ગુજરાત ના ખેડૂતો ને પ્રોત્સાહિત કરવા માં નિષ્ફળ ગયા છે. સમગ્ર ગુજરાત માં આશરે ૯૬૦૦૦૦૦ હેક્ટર જમીન માં ખેતી થાય છે તેમાં માત્ર ૩૨૦૯૨.૫૧ હેક્ટર જમીન માં ઓર્ગેનિક ખેતી થઈ રહી છે. વર્ષ ૨૦૧૪- ૨૦૧૫ માં ૩૦,૦૯૨ હેક્ટર માં ઓર્ગેનિક ખેતી થતી હતી , તેમાં વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માં ૨૦૦૦ હેક્ટર નો વધારો થયો. ત્યારબાદ ૨૦૧૬ થી ૨૦૨૨ સુધી માં ઓર્ગેનિક ખેતી ની જમીન માં એક ઈંચ નો પણ વધારો થયો નથી. કેન્દ્ર સરકાર દ્વારા ઓર્ગેનિક ખેતી ને પ્રોત્સાહન આપવા માટે પરંપરાગત કૃષિ વિકાસ યોજના (દ્બફરૂ) ને લોન્ચ કરવા માં આવી હતી. ગુજરાત રાજ્ય માં પોતાની ઓર્ગેનિક ખેતી નીતિ ભૂતકાળમાં લાગુ કરવા માં આવી હતી, જે હાલમાં ખેડૂતો ને ઓર્ગેનિક ખેતી તરફ આકર્ષવા માં નિષ્ફળ ગયી છે. દ્બફરૂ હેઠળ સમગ્ર દેશ માં ૧૦,૨૭,૮૬૫ ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતો છે, જ્યારે તે લીસ્ટ માં ગુજરાત ના એક પણ ખેડૂત નથી. શું ગુજરાત ના ખેડૂતો દ્બફરૂ યોજના ના લાભાર્થી નથી? દ્બફરૂ હેઠળ વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમિયાન દેશ માં ૮૧૮૪.૮૧ કરોડ રિલીઝ કરવા માં આવ્યા પણ ગુજરાત ને (૦) રૂપિયા આપવામાં આવ્યાં છે. લોકસભા ના જવાબ મુજબ દ્બફરૂ હેઠળ છેલ્લા બે વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ માં ગુજરાત સરકાર દ્વારા ઓર્ગેનિક ખેતી ના ખેડૂતો ને આકર્ષવા માટે કે પ્રોત્સાહિત કરવા એક પણ પૈસો વાપરવા માં આવ્યો નથી. ગુજરાત સરકાર આનન ફાનન માં મોટી જાહેરાતો તો કરી નાખે છે પણ અમલીકરણ માં મીંડું હોય છે. ગુજરાત સરકાર દ્વારા ઓર્ગેનિક ખેતી યુનિવર્સિટી ની ૯ વર્ષ પેહલા જાહેરાત કરવા માં આવી હતી, તેમાં પણ માત્ર એક કોર્સ ચલાવવા માં આવી રહ્યો છે. ખેડૂત લક્ષી જાહેરાતોથી ખેડૂતોનું ભલુ નહી થાય, સાચા અર્થમાં ખેડૂતો માટેની નીતિ નિયત સાથેના અમલીકરણથી જ શક્ય બની શકે છે. ગુજરાતની સરકારમાં ક્યાંક નિયત અને અમલીકરણ બેવમાં ખામી હોય તે આ વિગતો સ્પષ્ટ દર્શાવી રહી છે.

**પાચી (તીર્થ): મુળ નિવાસી માગંનાથ પીપળી હાલ પ્રાચી તીર્થગોર**



સ્વ ઇન્દ્રવદન પોપટલાલ જોશી ઉંમર વર્ષ ૮૬. તે પ્રવીણભાઈ તથા સ્વ રસિકભાઈ ના મોટા ભાઈ તથા ભીખુભાઈ. હર્ષદ ભાઈ. લક્ષેશભાઈ. તથા રાજુભાઈ ના પિતાશ્રી નુ તા. ૨૭-૦૬-૨૩ મંગળવારે અવસાન થયેલ છે જેમનું સદગત બેસણું તા. ૩૦ના શુક્રવારે ૪ થી ૬ સમસ્ત બ્રહ્મસમાજની વાડીમાં રાખેલ છે.

# ચાતુર્માસ પ્રારંભ..

અષાઢી મહિનો હિન્દુ મહિનાનો ચોથો મહિનો છે. આ મહિનાની શુક્લ એકાદશીથી ચાતુર્માસ શરૂ થાય છે.

આ ચાર માસ દેવતાઓ સુવે છે એટલે

એને દેવ શયની એકાદશી કહે છે..

આ દિવસથી મહાદેવજી ઉપર જે જળાધારી લટકતી હોય એ ઉતારી લેવામાં આવે છે.. અને જ્યારે મહાશિવરાત્રી આવે ત્યારે ફરીથી એ જળાધારી ચડાવવામાં આવે છે..

ચાતુર્માસ, કાર્તિક શુક્લ એકાદશી સુધી ચાલુ રહે છે. આ ચાર માસમાં અષાઢના પંદર દિવસ અને કાર્તિકના પંદર દિવસ સામેલ છે.

ભાદરવા સુદ એકાદશીએ પોઢેલ દેવ પડખું ફરે છે.. એટલે એનું નામ દેવ પરિવર્તની એકાદશી કહે છે..

કારતક સુદ એકાદશીએ સૂતેલા દેવ જાગે છે.. એટલે એનું નામ દેવ ઉઠી એકાદશી કહે છે..

તંદુરસ્તી અને કલ્યાણ ઇચ્છતા મનુષ્યો માટે આ ચાર મહિના વ્રત, ભક્તિ, તપસ્યા અને સાધનાના મહિના માનવામાં આવે છે.

આ ચાર માસમાં વરસાદી વાતાવરણ રહેતું હોવાથી.. અને પગપાળા મુસાફરી કરવાની અઘરી થઈ જતી એટલે સંતો અને મહાપુરુષો આ ચાર માસ દરમ્યાન મુસાફરી કરવાનું બંધ કરે છે અને ફક્ત આશ્રમ, મંદિર અથવા તેમના મુખ્ય સ્થાને રહીને વ્રત અને સાધનાનું પાલન કરે છે.

આ ચાતુર્માસ દરમ્યાન સંસારને લગતા માંગલિક કાર્ય, અને જે કાર્યમાં યજ્ઞકુંડમાં અગ્નિ પ્રગટાવવાનો હોય એવા દરેક શુભ




કાર્ય થઈ શકતા નથી કારણ કે.. ચોમાસાના સમય દરમ્યાન યજ્ઞના કાષ્ઠમાં ભેજ અને જીવાત હોવાથી યજ્ઞ થતા નથી..

અને એટલે આ ચાર માસ દરમ્યાન લગ્ન વિધિ, જાતકર્મના વિધિ, ગૃહ પ્રવેશ વગેરે તમામ શુભ કાર્યો પ્રતિબંધિત માનવામાં આવે છે.

ચાતુર્માસમાં પાળવા જેવા નિયમો.. શરીર સાથ આપે તો જ આ નિયમો પાળવા.. કશું ફરજિયાત નથી..

ભોંય પથારીએ સૂવું.. અને સૂર્યોદય થાય એ પહેલા જાગવું..

નિત્યકર્મ કરી સ્નાન કરવું અને સૂર્ય, પીપળા વૃક્ષ અને શિવજીને જળ અર્પણ કરવું..

ચારમાસ દરમ્યાન મૌનવ્રત પણ ધારણ કરી શકાય...

દિવસમાં માત્ર એકવાર ખોરાક લેવો..

ચોમાસાની ઋતુ એ કફ વાત અને પિત્ત ત્રણે વધારનારી ઋતુ છે એટલે દૂધ, ખાંડ, દહીં, તેલ, રીંગણ , લીલા પાંદડાવાળા શાકભાજી, વેલાવાળા ફળ શાકભાજી અથવા મસાલાવાળા ખોરાક, મીઠાઈઓ, સોપારી, માંસ અને આલ્કોહોલનું સેવન કરવામાં આવતું નથી.

આ ચાર મહિનામાં,

જ્યાં આપણી પાચન શક્તિ નબળી પડે છે, ત્યાં ખોરાક અને પાણીમાં બેક્ટેરિયાની સંખ્યા પણ વધે છે. તેથી જ નિયમોનું પાલન કરવું જરૂરી છે.

સોળ સોમવાર વ્રત ઉપવાસનો મહિનો ઉપરોક્ત ચાતુર્માસ મહિના માટે શાસ્ત્રમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે..

ચાતુર્માસમાં શ્રીહરિ સહિતના તમામ દેવ દેવીઓ.. પાતાળમાં, બલીરાજા પાસે જઈને યોગ નિદ્રામાં રહે છે.

અને આ દરમિયાન, બ્રહ્માંડનું સંચાલન ભગવાન શિવના હાથમાં રહે છે.

તેથી શિવની ઉપાસનાનું મહત્વ વધારે છે..

ચાતુર્માસની અષાઢી મહિનામાં ભગવાન વિષ્ણુ, સૂર્યદેવ, મંગળદેવ, દુર્ગા અને હનુમાનજીની પૂજા કરવાથી ડબલ પરિણામ મળે છે.

અષાઢ મહિનામાં વામન સ્વરૂપ ભગવાન વિષ્ણુની પૂજા કરવી

તેમજ જલદેવની પૂજા કરવાથી સંપત્તિની પ્રાપ્તિ સરળ બને છે અને મંગળ અને સૂર્યની પૂજા કરવાથી ઉર્જાનું સ્તર એકસરખું રહે છે.

શ્રાવણ મહિનામાં શિવ અને પાર્વતીની પૂજા કરવામાં આવે છે.

ભાદરવા માસમાંમાં ગણેશ અને શ્રી કૃષ્ણની પૂજા કરવામાં આવે છે.

આસો માસમાં દેવી પૂજન મહાલક્ષ્મી પૂજન કરવું..

અને કારતક માસમાં લક્ષ્મી નારાયણ પૂજન કરવું...

સાડા ચાર માસની એકાદશી વ્રત પણ આવતીકાલથી શરૂ થાય છે...

આપ સહુને ચાતુર્માસની
હાર્દિક શુભેચ્છા
હરિ સ્મરણ સહ પ્રણામ..

# ગઝલ આસ્વાદ :૪

કોઈ પાસેથી ગયાનું યાદ છે.
ને સજળ આંખો થયાનું યાદ છે.

અવસરોનાં તોરણોને શું કરું?
મંડપો સળગી ગયાનું યાદ છે.

તું ય તારું નામ બદલી આવજે,
હું મને ભૂલી ગયાનું યાદ છે.

નામ એનું હોઠ પર રમતું રહ્યું,
ને ગઝલ પૂરી થયાનું યાદ છે.

આંસુઓ મારા હશે નક્કી જલદ,
પાલવો સળગી ગયાનું યાદ છે.

'ગુલ' પછી હું ત્યાં કદી ના જઈ શક્યો,
હર જખમ તાજા થયાનું યાદ છે.

અહમદ "ગુલ"

યુ કે ના નિવાસી કવિ શ્રી અહમદ 'ગુલ' નું મૂળ વતન આલીપોર, ગુજરાતમાં આવેલું છે. વર્ષોથી યુ કે માં આવીને વસ્યા છે. એમના કેટલાક સંગ્રહ પ્રકાશિત થયાં છે, જેમાં પમરાટ, મૌન નું તેડું ,મૌન પડઘાયા કરે, મૌનાલય, પાંખડી, અરોમા, સંગતી અને ગુલદાન. બ્રીટનની રાણી તરફથી એમને 'ઓર્ડર ઓફ બ્રિટીશ એમ્પાયર' નો ખીતાબ એમના કોમ્યુનિટી વર્ક માટે મળેલો છે. મારા સદ્નસીબે મારી લઘુ નવલના વિમોચન સમયે એમણે હાજરી આપી મારા કાર્યક્રમને ચાર ચાંદ લગાવેલા! હાલમાં કવિ શ્રી બેદાર લાજપુરીએ એમના ચૂંટેલા શેર લઈને એનો આસ્વાદ કવિઓ પાસે કરાવીને એક સંગ્રહ ' શેરિયત ' તૈયાર કર્યો છે. એમની આ ગઝલ મને એમણે આસ્વાદ માટે મોકલેલી જે મને વાંચતા જ ગમી હતી અને હું ભાવુક પણ થઇ ગઈ હતી.

કોઈ પાસેથી ગયાનું યાદ છે.
ને સજળ આંખો થયાનું યાદ છે.

કોઈનું જવું એટલું વસમું હોય છે, કે જિંદગીભર એની વેદના દિલમાંથી જતી નથી. અને જો એ વ્યક્તિ દિલથી ખૂબ નજદીક હોય તો હ્રદય હરપળ વ્યાકુળ રહે છે. અને એ ક્ષણ ભૂલવી ખૂબ અઘરી છે જયારે એ તમારી પાસેથી દૂર થઇ જાય છે. ક્ષણ થીજી જાય છે. જીવન થંભી જાય છે. ત્યારે આંખ સજળ થઇ હતી એ પણ યાદ રહી જાય છે. યાદનું તો એવું કે વસમા દરેક પ્રસંગ એક છાપ હ્રદયપર મૂકી જાય છે. મૈં જહાં રહું, મૈં કહીં ભી હૂઁ તેરી યાદ સાથ હૈ , કિસીસે કહું કે નહીં કહું, યેહ જો દિલકી બાત હૈ , કેહનેકો સાથ અપને એક દુનિયા ચલતી હૈ પર છુપકે ઈસ દિલમેં તન્હાઈ પલતી હૈ, બસ યાદ સાથ હૈ! આંખો સજળ થઈ હતી એ પણ યાદ રહી ગયું છે. કોઈ શું જાણે કોઈના જવાથી દિલ કેટલું વેદનાયુક્ત થયું હતું!

અવસરોનાં તોરણોને શું કરું?
મંડપો સળગી ગયાનું યાદ છે.

એ વિદાય સાથે સંકળાયેલા બધા પ્રસંગ યાદ રહી જતાં હોય છે. જે પ્રસંગ માટે જે અવસર માટે તોરણો બંધાયાં હતાં , પણ એ મારા માટે ના હતા! તો હું એ તોરણોનું શું કરું? આ અવસર કે ઘટના? અને અવસરમાં કોઈની ઈચ્છાઓનાં મંડપો સળગી ગયાં હતાં તે શી રીતે ભૂલાય? એ અવસર કોઈના માટે અવસર હતો પણ એ અવસરે કલ્પનામાં બાંધેલા બધા મંડપો બળીને ભસ્મીભૂત થયાં હતાં! આંસું પણ અંગારા બની ગયાં હતાં. બધું બળીને ભસ્મીભૂત તાઈ ગયું હતું. આ બધું શી રીતે ભૂલાય ? એ બધું કવિને બરાબર યાદ છે. જે દિવસે એમની દુનિયા ઉજડી ગઈ હતી.

તું ય તારું નામ બદલી આવજે,
હું મને ભૂલી ગયાનું યાદ છે.

હવે જુના નામથી એને બોલાવી શકાય એમ નથી. મન ભલે તરસતું રહે કે "ભૂલે હુએ નામોસે કોઈ તો બુલાયેં " કવિ વિનંતી કરે છે કે તું તારું નામ બદલીને આવજે અને મને તો મારી જાતને ભૂલી ગયાનું યાદ છે. આ શેર દિલની આરપાર ઉતરે છે. હું મને ભૂલી ગયાનું યાદ છે. જે ઘડીએ કોઈ પાસેથી ગયું એજ ઘડીએ કવિ પોતાની જાતને ભૂલી ગયા છે પણ એ ભૂલી ગયાનું એમને યાદ છે. હવે પુરાણી વાતો દોહરાવવાથી શું ફાયદો? તું તારું નામ બદલીને આવજે હું મને ભૂલી જઈશ! પ્યારમાં કોઈને ક્યાં પોતાની જાત યાદ રહે છે?

નામ એનું હોઠ પર રમતું રહ્યું,
ને ગઝલ પૂરી થયાનું યાદ છે.

કોઈ પાસેથી ગયાનું યાદ છે. તેમ છતાં એનું નામ સદા હોઠ પર રમતું રહે છે. કોઈ જે હ્રદયમાં સંતાઈને બેઠું હોય તેને દુનિયાની નજરથી અલવિદા કહેવાય છે પણ હ્રદયમાં બેઠેલી એ વ્યકિતને શી રીતે અલવિદા કહેવું? એ નામ તો હોઠ પર અને મૌનમાં પડઘાયા કરવાનું! ભલે એ દૂર હોય! ચાહે પાસ હો ચાહે દૂર હો ! અને ગઝલ લખવા બેસો ત્યારે એ છબી નજર સામે આવી જવાની અથવા એ નામ હોઠ પર રમતું થઈ જવાનું! બીજા શબ્દોમાં કહીએ તો ગઝલ લખવાનું કારણ પણ એનું પાસે ના હોવું હોય શકે! અને એના નામથી શરુ થઇ અને એના નામથી ગઝલ પૂરી થયાનું યાદ છે.

આંસુઓ મારા હશે નક્કી જલદ,
પાલવો સળગી ગયાનું યાદ છે.

દર્દ બંને બાજુ જો સરખું લાગેલું હોય તો, વિદાય વખતે જેટલું દર્દ કવિને થયું હશે એનાથી વધારે દર્દ પ્રિયતમાને પણ થયું હશે! કવિ નાં આંસું એને પાલવમાં જીલ્યાં હશે અને એ આંસુ એટલા જલદ હશે કે પ્રિયતમાના પાલવ સાથે હ્રદય પણ સળગી ગયું હશે. એ આખરી વિદાયના આંસુ કેટલા જલદ હોય છે? આખી જિંદગીને બાળીને ભસ્મ કરી નાખે છે. "નહિ મરતા કોઈ જુદાઈમેં, મગર ખુદા કિસીકો કિસીસે જુદા ના કરે! આંસું અંગારા બનીને પાલવને સળગાવી શકે છે! છતાં એજ પાલવ ઓઢીને દૂર ગયાં નું પણ યાદ છે.

'ગુલ' પછી હું ત્યાં કદી ના જઈ શક્યો,
હર જખમ તાજા થયાનું યાદ છે.

મિલનની એ જગ્યા જ્યાં પ્રેમના રાગ છેડ્યાં હતા. એ જગ્યાએ કવિ ફરી કદી ના જઈ શક્યા. ત્યાં જવાથી હર જખમ તાજા થઇ જાયછે. કોઈ એક જગ્યા , કોઈ એક ચમન , કોઈ એક બાંકડો, કોઈ એક વૃક્ષ, કોઈ એક સ્થળ બધું નિર્જીવ હોવા છતાં એ સ્થળ એ જગ્યામાં કેટલો પાવર હોય છે જે તમારા જખ્મોને તાજા કરી શકે છે . એવું પણ બને કે એ જગ્યા પાસેથી પસાર થાઓ તો નજર ફેરવી લેતા હશો કે ફરી એ જખમ ઉભરાઈ ના આવે! એક તડપતા હ્રદયમાંથી નીકળેલી એક વેદનાયુક્ત ગઝલ! કોઈપણ પ્રેમીને થાય કે આ મારી વાત જ કરી છે. સલામ ગુલ સાહેબ!
સપના વિજાપુરા .અમેરિકા

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

N. O. G. S. S. :-.No 0102
★વિષય:-સનસનીખેજ★.
★શીર્ષક:-હાહાકાર.★
★શબ્દો:-૪૦૦★
★લેખકનું નામઃ રતીલાલ વાયડા★
★રચના★:-

ગામમાં નરસિંહશેઠનું નામ મોટું હતું. ખૂબ સમૃદ્ધ હતા. વેપાર ધંધા પણ સારા ચાલતા હતા તેને એક પુત્ર હતો જેનું નામ અશોક હતું.

પિતાની સંપત્તિથી અશોક ખૂબ જ છકી ગયો હતો . તેણે કોઈપણ પ્રકારનું શિક્ષણ મેળવ્યું ન હતું. ધંધા ઉપર થોડું ધ્યાન આપતો અને બાપના પૈસા વેળફી નાખતો હતો. તે અનેક દુષણોથી લિપ્ત થયેલો હતો .દારૂ ,જુગાર ગુંડાગર્દી, કોઈની ઈજ્જત લેવી, એ તેને માટે એક સામાન્ય ઘટના હતી. એટલું જ નહીં પરંતુ ક્યારેક ક્યારેક કોઈ સરકારી મુશ્કેલી ઊભી થતી હતી ત્યારે સરકારી માણસો નોટોમાં રહેલા ગાંધીજીની શરમે તેઓને છોડી મૂકતા હતા.



યોગ્ય ઉંમર થતાં તેને માટે કન્યાની શોધ કરી પરંતુ તેના લક્ષણો જોતા જ્ઞાતિમાંથી કોઈ પણ પોતાની દીકરી તેને આપવા તૈયાર ન હતું.

એક વખતે નરસિંહશેઠે ત્રણ લાખ રૂપિયા આપી અને એક દલાલની પાસેથી કન્યાના લગ્નનું નક્કી કર્યું.

કન્યા બતાવવામાં આવી અને ઘડિયા લગ્ન લેવામાં આવ્યા.

બતાવેલ કન્યા ખુબ જ સુંદર હતી. દેખાવડી ગોરી અને લોકો તો કહેતા હતા કે કાગડો દહીથરું લઈ ગયો. અશોક તો ખાટી ગયો. નરસિંહશેઠે ગામને ધુમાડા બંધ જમાડ્યું. લગ્ન ગીતો ગાવાવાળી સ્ત્રીઓએ ગળા ફાટી જાય તેવી રીતે ગીતો ગાયા. ઢોલી એ ઢોલ તૂટી જાય તેવી રીતે વગાડ્યા. શરણાઈ વાળા ના ગલા દુઃખી ગયા તેટલી શરણાઈઓ વગાડી અને ધામધૂમથી લગ્ન કાર્ય પૂર્ણ થયું. સૌને સારી ભેટ સોગાદો મળી.

લગ્નની રાત્રે અશોક સુહાગરાત મનાવવા જાય છે. તે સમય દરમિયાન કન્યા ના રૂપ રંગ જોઈ અને અશોક ઓળ ઘોળ થઈ જાય છે .તેને કીમતી સોનાની ભેટો આપે છે ..

કન્યા પક્ષ તરફથી આવેલા લોકો પણ રાત્રિની ભોજન સમારંભની પાર્ટીમાં હાજર હોય છે.

રાત્રે કન્યાએ અશોકને દૂધમાં કોઈ કેફી પદાર્થ નાખી દૂધ પીવડાવ્યું જેને કારણે અશોકને ઊંઘ આવી ગઈ . એટલું જ નહીં પરંતુ નરસિંહશેઠ અને તેના ઘરવાળા લોકોને પણ કન્યા પક્ષ વાળાઓએ કોઈ એવો કેફી પદાર્થ પીવડાવી દીધો તેને કારણે બધા લોકો ઊંઘી ગયા. કન્યા પક્ષ વાળા તેમજ કન્યા ઘરની અંદર રહેલા દર દાગીના અને કીમતી ચીજ વસ્તુઓ લઈ અને રાત્રે ને રાત્રે મોટરમાં રવાના થઈ ગયા. જ્યારે સવાર પડી ત્યારે કન્યા અને કન્યા પક્ષના કોઈ લોકો જોવા નથી મળતા. ઘર વેર વિખેર થઈ ગયેલું હતું .કીમતી વસ્તુઓ ઘરમાંથી ચોરાઈ હતી. .થોડાક સમયની અંદર સગા સંબંધીઓ અને આસપાસના લોકોને પણ આ સનસનીખેજ સમાચાર પ્રાપ્ત થઈ ગયા અને આખા ગામમાં વાયુવેગે સમાચાર ફેલાઈ જતાં હાહાકાર મચી ગયો કે નરસિંહ શેઠ લૂંટાઈ ગયા અને કન્યા પક્ષ વાળા લોકોએ તેને ભારે દગો દીધો. નરસિંહ શેઠે પોલીસમાં ફરિયાદ નોંધાવી પરંતુ આજ સુધી તેઓનો કોઈ પતો નથી .લોકોના ઘરે ઘરે આ સનસનીખેજ સમાચાર પહોંચી ગયા અખબારો પણ તેની જાહેરાત થઈ ગઈ.ગામમાં હાહાકાર થઈ ગયો.

# સહકારી પ્રવૃત્તિના અખતરા !!!

સમાજમાં કેટલાકને મોટા ભા થવાના ધખારાના ફુંવારા ગબારાની જેમ ઉડતા હોય છે. કોઈ એમના માટે બે સારા શબ્દો કહે તે માટે ચાર કે આઠ પૈસા ખરચવાનો વાંધો હોતો નથી અપવાદોને બાદ કરતા બધા એવોર્ડ, સન્માનપત્રો, ટ્રોફીઓ, ચંદ્રકો મેનેજ કરાયેલ હોય છે. ફિલ્મો/ નાટકોના એવોર્ડ અંગે જેમને એવોર્ડ ન મળ્યા હોય તે આ પ્રકારનો પુણ્ય પ્રકોપ ઠાલવતા હોય છે.!!!

આ પ્રકારની વૃતિ કે માનસિકતાને જાણીતા મનોવૈજ્ઞાનિક મેસ્લો અબ્રાહમ જરૂરિયાતોના વર્ગીકરણમાં પાંચમા ક્રમની જરૂરિયાત તરીકે ઓળખાવે છે. માણસની રોટી, કપડાં , મકાનની એટલે કે મૂળભૂત જરૂરિયાત સંતોષાય એટલે સ્વઆવિસ્કાર એટલે કે મને મોટો ભા બનાવોની વૃતિ સાપની જેમ ફૂંફાડા મારવા માંડે છે. ક્યાંક લાંબી ડોક કરીને કોઈ ફૂલોની માળા પહેરાવે, ખિસ્સામાં કાતર રાખી ઉદ્ઘાટનની રીબીન કાપવાના ધખારા થાય છે. સોસાયટીના ચેરમેન થઈ છાપામાં નામ છપાવવાની ધખના છાનીછપની હોતી નથી. ક્યાંક ગાંઠના ખર્ચે રોગ નિદાન કેમ્પનું આયોજન કરી કેમ્પ સફળ બનાવવા જહેમત ઉઠાવનારની યાદીમાં પહેલા નંબરે રહેવા ધક્કામુક્કી કરે છે!!એ જ રીતે ગ્લુકોઝ બિસ્કિટના પાંચ પેકેટનું વિતરણ કરી સવાસો મહાનુભાવ ને પાંચસો કાર્યકરોના નામવાળી યાદી તંત્રીશ્રીઓને મોકલી આપે છે.

આપણી વાત જરા જુદી છે. એમાં સંપ અને સહકારને પ્રમોટ કરવાની સાથોસાથ મૂળભૂત રીતે છવાઈ જવાની કે છાકો પાડવાની છેલછબીલી મનોવૃત્તિ અધ્યાહાર છે.એક સોસાયટીમાં રહેતા, એક પ્રદેશના લોકો , સાથે નોકરી કરતા લોકોનો સમુહ. આ બધાને ઘરવપરાશની વસ્તુઓ જથ્થાબંધ ભાવે લાવી સભ્યોને આપવાથી બે પૈસાની બચત થાય, સારી ગુણવતાવાળી વસ્તુ મળે અને આ બહાને તથાકથિત આગેવાનને સ્વીકૃતિ મળે!!!

આ વાત ગાંધીનગરાઓની છે. ગાંધીનગરની રચના થયા બાદ લાંબા અરસા લગી કર્મચારી નગર તરીકે ઓળખાતું રહ્યું છે. ઉનાળામાં એટલી ધૂળની ડમરી કે આંધી ચડે એટલે આંધીનગર તરીકે પણ ઓળખાતું રહ્યું છે. શરૂઆતના તબકકે સમશાન પણ ન હતું.એટલે લોકો પેથાપુરના સ્મશાને અંતિમવિધિ કરતા હતા!! પછી સેકટર ૩૦ નું સ્મશાન શરૂ થયું. જે ખરેખર સેકટર-૩૦ મા નથી!!!હવે સરગાસણમાં બીજું સ્મશાન શરૂ થયેલ છે. સાલ્લુ મડાંનો કારોબાર વધી ગયો છે. શું કરીએ??

ગાંધીનગરાઓ જાહેર રજાઓમાં ( બંક કે ગુલી એ ખાનગી રજા કહેવાય.જે રજાના હિસાબમાં નોંધાય નહી!! આ રજાને ફ્રેન્ચ લીવ પણ કહે છે!! બટાટાની લાંબી સળી જેવી લાઇવ વે ફરને ફ્રેન્ચ ફ્રાઇ કહે છે.એમ તો ફ્રેન્ચ કિસ પણ પ્રચલિત છે. આ બધાનો સહ સંબંધ કે વ્યસ્ત સંબંધ ફ્રાન્સ સાથે હશે કે કેમ તે એફિલ ટાવર જાણે!!) અમદાવાદ જતી બસોમાં બેસી માધુપુર કાલુપુરની બજારમાંથી હોલસેલ દુકાનોમાંથી કરયાણુ લઈ આવી થોડી બચત કર્યાનો સાત્વિક આનંદ લેતા હતા.!!આમાં કારકુન કે પટાવાળા કે આસીસ્ટંટ ન હતા નાયબ સચિવ ક ઉપ સચિવ પણ હતા. તે સમયે શોપિંગની દુકાનવાળા ઉઘાડી લૂંટ ચલાવે છે એ માન્યતા ઘર કરી ગઈ હતી તે આજે પણ યથાવત્ છે. નિયમિત ઘરાકને ડિસ્કાઉન્ટ આપવાના બદલે મહતમ કિંમતથી એકાદ રૂપિયો ઓછો લઇ વેપાર ન થાય તેવું તેમનું ઠઠર વલણ હોય તો સેકટરે સેકટરે વોલમાર્ટ આવે તેમાં આઘાતજનક શું છે?

સચિવાલયમાં કારકુન / મદદનીશ તરીકે ભરતી થયેલા યંગ તુર્ક હાથવાટકા જેવા. કેટલાક લોકો વીએચપી એટલે કે વિશ્વ હિન્દુ પરિષદ નહી પણ વેરી હરખપદુડા હોય છે. અમારો જયલો આ માયલો. !!

જયલાએ પચ્ચીસ મિત્રો સાથે વહટી કરી. ગોંડલની એક તેલ મિલનો માલિક જયલાનો જીગરી. તેને વાત કરી. પેલાએ દોઢસો તેલના ડબ્બા ઉધારીમાં મોકલી દીધા. જેમને તેલ લેવાનું હતું તેની યાદી તૈયાર હતી.એ સમયે મોબાઈલ તો હતા નહી. રિસેસમાં કેન્ટિનમાં લંચ સમયે બધા ભેગા થાય. જયલાએ તેલ આવ્યાની વધામણી આપી. મારા ઘરેથી તેલના ડબ્બા લઈ જજો- જયલો ઉવાચ.

એ સમયે ભાગ્યે જ કોઈ કર્મચારી પાસે લેમ્બ્રેટા હોય. સ્કૂટર એટલે લેમ્બ્રેટા આ છાપ રૂઢ થયેલી. બધા પાસે સારી કે ખખડધજ સાઈકલ હોય. સરવાળે છકડો ભાડે કરીને હોમ ડિલિવરીનો નિર્ણય કરાયો. એક સેકટરમાં રહેતા મિત્રો, બાજુના સેકટરમાં રહેતા હોય એવા મિત્રોની યાદીના આધારે તેલના ડબ્બાનું વિતરણ કાર્ય ચાલુ કર્યું. જયલાની મદદમાં હું રહ્યો.

આ મિત્રોની અપેક્ષા કેવી હોય તેની ખબર પડવા લાગી. પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું. મુકેશભાઈ નામના સજજન મિત્ર અમને મજૂર સમજતા હોય તેમ પહેલાં માળના સ્ટોરમાં ડબ્બા મુકવા હુકમતુલ્ય વિનંતી કરી. જાણે આમાંથી અમારે કમિશન ખાવાનું ન હોય!! જો કૃષ્ણ ભગવાન શેઠ સગાળશા બની નરસિંહનું મામેરું કરતા હોય તો અમારે ટચલી આંગળીએ ગૌવર્ધનની જેમ તેલનો ડબ્બો તોળવાને હતો. કૃષ્ણ ભગવાનને તો ગૌવર્ધનું વજન કેટલા ટન છે તેની ખબર ન હતી. એટલે અધારામાં તીર મારવાનું હતું!!અમને ખબર હતી કે ડબ્બામાં પંદર લીટર તેલ હતું તેની ખબર હતી. અન્ પણ સગાળશા બની તેલ પહેલા માળે ચડાવ્યા. જો કે, મુકેશભાઇએ બક્ષિસ કે ચાપાણીના પૈસા પરખાવ્યા નહી!!માનો કે ઓઈલ કૂપન જેવું સ્કેમ. બીજા ભાઈબંધે પગાર થયાને બે દિવસ થયા છતાં પૈસા આગલા પગારે આપવાનો વાયદો કર્યો.

ત્રીજાએ ડબ્બાની કિંમત રાઉન્ડમાં કરીને પચાસ રૂપિયાનો ચુનો લગાવ્યો. તેલના ડબ્બાની કિંમતમાં છકડા ભાડાના રૂપિયા થોડા ઉમેરવાના હોય ? આની કયાં કોઈ વાત થઈ છે એ તો જયલા અને તારે ભોગવવાના - ચોથા મિત્રનો તર્ક. પંચમાને ત્યાં તેલના ડબ્બા આપીને ચા- પાણી કરતા હતા ત્યાં ઊપલા નામનો મિત્ર આવીને કહે એક ડબ્બો તીણો છે. ડબ્બો બદલી આપો.આ કંઈ દુકાન હોય કે વધારાના ડબ્બા હોય?

અમે જેના ઘરે હતા ,તેણે મામલો હાથમાં લઈ લીધો.

"ઉપલા તારે ઘરે કપડા ધોવાનો સાબુ છે?" સુધલાએ પૂછ્યું.

" હા હા"ઉપલાએ ટૂંકાણમાં જવાબ આપ્યો.

ઉપલો સવાલના ઈન સ્વીગથી ગુંચવાયો. "પણ તેનું શું છે?" એની અકળામણ પ્રશ્ન દ્વારા વ્યક્ત કરી.

સુધલોએ વધુ આઉટ સ્વીગ ફેંક્યો," ડોબા તેલનો ડબ્બો ઊંધો કરી સાબુની ગોટી કાણા પર રેણની જેમ લગાવી દે. તેલનો કોઈ ડબ્બો ખાલી હોય તો તેમાં તેલ ઠાલવી દે. આ લોકો કંઈ વેપારી છે. આમાંથી કંઈ નફો કરવાના છે? આ બે જણા ગાંઠના ગોદડે ગોપીચંદન ઘસ છે. મદદ કરવાના બદલે છુંછા જેવી વાત કરે છે"

તેલનો પ્રોજેકટ તો માંડ માંડ પૂરો થયો. અમે ખિસ્સા પાંચસો રૂપિયા જોડયા. ત્યારેથી પાણી મૂક્યું કે સહકારી ધોરણે તેલ કે કોઈ વસ્તુ લાવી ઉલમાંથી ચુલમાં પડવું નહી.!!!

ભરત વૈષ્ણવ

( સત્ય ઘટના પર આધારિત)ઈહાસ્ય

# ચાણસ્મા પંથકમાં વહેલી સવારથી જ ધોધમાર વરસાદ



ગુજરાત રાજય માં ચોમાસાનું સત્તાવાર આગમન થઈ ચૂકયું છે ત્યારે આજ રોજ ચાણસ્મા પંથકમાં વહેલી સવારથી જ કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસતા પંથકમાં થંડક પ્રસરી જવા પામી હતીહવામાંનવિભાગ તેમજ અંબાલાલ પટેલ દ્વારા કરાયેલી આગાહીને પગલે ગુજરાત રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમા મેઘરાજાએ વરસાદી બેટીંગ શરૂ કરી છે ત્યારે આજ રોજ પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા તેમજ પંથકના વિસ્તારોમાં પણ વહેલી સવારથી જ ગાજ વિજ સાથે વરસાદ વરસતા પંથકમાં થંડક પ્રસરી જવા પામી છે. ત્યારે અગાઉ પડેલ વરસાદ તેમજ અત્યારે વરસી રહેલા વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાઈ જવાના કારણે કપાસના પાકને નુકશાન થવાની સંભાવના રહેલી હોવાનું ધરતી પુત્રો દ્વારા જણાવાયું હતું

રિપોર્ટર નિખીલ જોષી
પાટણ બ્યુરો



વી કેર યોગા ફાઉન્ડેશન દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ ઈન્ફોસિટી કલબ (ગાંધીનગર) પાસે યોજાયો. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના માન. મેયરશ્રી હિતેશભાઈ મકવાણા સહભાગી બનીને વૃક્ષારોપણ કર્યું. આ અવસરે મેયરશ્રી એ જણાવ્યું હતું કે પ્રકૃતિનું સંરક્ષણ એ આપણા સૌની નૈતિક જવાબદારી છે તેથી આપણે સૌ વધુ વૃક્ષો વાવીએ અને જતન કરીએ. આ વેળાએ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, શહેર મહામંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, કાઉન્સિલરશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાન મોદીએ પગના નિશાનને ઓળખી શકતા રણછોડભાઈ પગીની શૌર્ય ગાથાની પ્રશંસા કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૯૬૫ અને ૧૯૭૧ના યુધ્ધ દરમિયાન કચ્છના રણમાં ભારતીય સેના સેના માટે ગાઈડની ભૂમિકા ભજવનાર જાંબાઝ રણછોડભાઈ પગીની વીરતાને બિરદાવી છે. શ્રી વડવાળા મંદિર દૂધરેજ ધામના મહંત શ્રી કનીરામદાસજી મહારાજે લખેલા પત્રનો જવાબ આપતાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે સાધારણ સંજોગોમાંથી આવતા અસાધારણ નાયકોના શૌર્યનું ઉચિત સન્માન થાય તે તેમની સરકારની પ્રાથમિકતા રહી છે. એમણે ઉમેર્યું કે એ જરૂરી છે કે આવા લોકોની જીવન ગાથા પ્રજા સામે આવે જેથી આવનારી પેઢી એમની



વીરતા, એમના સાહસ અને પરાક્રમમાંથી પ્રેરણા લઈ શકે. એમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આઝાદીના અમૃત કાલખંડમાં પોતાના વારસા, આપણા નાયકો માટે ગૌરવ અનુભવી દેશ નિરંતર આગળ વધી રહ્યો છે.

રણછોડભાઈ પગી ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધના એ ગુમનામ નાયકોમાંના એક છે જેની આજની પેઢીને જાણકારી નથી. એમની પાસે એક ખાસ હુન્નર હતું જેના કારણે એમણે બંને યુધ્ધોમાં અગત્યની ભૂમિકા ભજવી.રણછોડભાઈ પગી કચ્છના રણમાં ઊંટના પગના નિશાન જોઈને જણાવી દેતા કે ઊંટ પર કેટલા લોકો સવાર છે, એટલું જ નહીં માણસના પગન નિશાન જોઈ એમના કદ કાઠી વિષે પણ તેઓ જાણકારી આપી શકતા હતા. એમની આ વિલક્ષણ પ્રતિભાને કારણે એમણે ભારતીય સેના માટે આ યુદ્ધોમાં ગાઈડની ભૂમિકા નિભાવી અને દુશ્મનોની હિલચાલની જાણકારી આપતા રહેતા.

આવા નાયકોની પ્રેરક ગાથાઓ સમાજ સમક્ષ ઉજાગર કરવાના ભાગરૂપે ગુજરાતના શાળા પાઠ્યપુસ્તકમા રણછોડભાઈ પગીની જીવનગાથાને સમાવવામાં આવી છે. સરકાની આ પહેલને બિરદાવતાં શ્રી વડવાળા મંદિર દૂધરેજ ધામના મહંત શ્રી કનીરામદાસજી મહારાજે તાજેતરમાં પત્ર લખ્યો હતો. એમણે કહ્યું કે રણછોડભાઈ પગીના પ્રેરક જીવનને પાઠ્યપુસ્તકમાં સામેલ કરવાથી ભાવી પેઢી સુધી તેમની શૌર્યગાથાની જાણકારી સરળતાથી પહોંચશે. વીર નાયકોની આવી ગાથાઓ બાળકોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જાગૃત કરી ભવિષ્યના જવાબદાર નાગરિક બનાવવામાં મદદરૂપ નીવડશે.

# પાટણમાં ચાચરીયાના મોટાપાડા ખાતે જર્જરીત મકાનો ઉતારવા રહીશો દ્વારા પાલિકામાં રજૂઆત



પાટણ શહેરના ચાચરીયા વિસ્તારમાં મોટા ચાચરિયાના પાડા ખાતે કેટલાક જૂના મકાનો જર્જરિત થઈને પડવાના વાંકે ઉભા હોય ગમે ત્યારે જાનહાની સર્જાય તેવી શકયતાઓ રહેલી હોય અહીંના રહીશો દ્વારા આવા જર્જરીત અને જોખમી મકાનને સત્વરે ઉતારી લેવા પગલાં ભરવામાં આવે તે માટે પાટણ નગરપાલિકામાં રજૂઆત કરવામાં આવી હતી.

ચાચરીયા મોટાપાડાના રહીશોએ નગર પાલિકામાં કરેલ લેખિત રજૂઆતમાં જણાવ્યું હતું કે અહીં ચાચરિયા મોટાપાડાના નાકે સો વર્ષ જેટલા પ્રાચીન ત્રણ મકાનો જે જર્જરીત થઈ ગયેલ છે અને વર્ષોથી ખાલી પડેલ છે, તેમાં કોઈ રહેતું નથી. તેમાંથી એક મકાનમાં તો તાજેતરમાં લગ છુટી પડી જતાં અહીંના રહીશોમાં ચિંતાની લાગણી જન્મી છે. આ જર્જરીત મકાનો ગમે ત્યારે પડી જાય તેવી શક્યતાઓ રહેલી હોય તેનાથી અહીંના રહીશોના જાણમાં નુકસાન તેમજ જાનહાની થાય તેવી ભીતિ રહેલ છે. જેથી સ્થળ તપાસ કરી કરાવી સત્વરે આ જર્જરીત મકાનો ઉતારી આપવા માગણી કરવામાં આવી હતી.

# ભારત રક્ષા મંચ ગુજરાત પ્રાંત દ્વારા મહેસાણા ખાતે સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી



## સ્થાપના દિવસના અવસર પર, RSS પ્રેરિત ભારત રક્ષા મંચે NRC લાગુ કરવા, ઘૂસણખોરોની ઓળખ કરવા માંગ કરવામાં આવી...

મહેસાણા, તા.૨૭ (પ્રતિનિધી દ્વારા) રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત ભારત રક્ષા મંચ (બીઆરએમ) નો ગુજરાત પ્રાંતના મહેસાણા જિલ્લામાં ૧૪મો સ્થાપના દિવસ ધામધુમથી ઉજવ્યો. ગુજરાત રાજ્યમાં નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન્સ (એનઆરસી) ના અમલીકરણની સાથે ગેરકાયદેસર ઘુસણખોરોની ઓળખ થાય તેની માંગ કરી હતી.ભારત રક્ષા મંચ નો સ્થાપના દિવસનો કાર્યક્રમ ૨૭મી જૂને આશ્રય હોટલ, મહેસાણા ખાતે ઉજવવામાં આવ્યો હતો અને આ કાર્યક્રમમાં ૧૫૦ થી વધુ મ્ઈસ પદાધિકારીઓએ ભાગ લીધો હતો અને ૧૪મા સ્થાપના દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. ભારત રક્ષા મંચના પ્રદેશ પ્રમુખ ઈલેવાન ઠાકર, મહેસાણાના ગણપતિ મંદિરના મહંત લાલદાસજી મહારાજ, મહેસાણા જિલ્લા પ્રમુખ તુષાર મોદી, પ્રદેશ ઉપાધ્યક્ષ ગોપાલ ઉપાધ્યાય, હિના પટેલ, સંગઠન મંત્રી મિહિર શિકારી વગેરેએ ભારત માતા, છત્રપતિ શિવાજી મહારાજ અને ડૉ. હેગડેવારજીના ચિત્ર સમક્ષ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરી હતી.

બીઆરએમના પ્રદેશ અધ્યક્ષ ઈલેવાન ઠાકરે આ પ્રસંગે જણાવ્યું હતુ કે, ગયા વર્ષે સપ્ટેમ્બર ૨૦૨૨માં નાગપુરના રેશીમબાગમાં આવેલા ડો. હેડગેવાર ભવન ખાતે સંઘના વરિષ્ઠ જનો અને કેન્દ્રીય કેબિનેટ મંત્રી નીતિન ગડકરીની અધ્યક્ષતામાં ભારત રક્ષા મંચનું ત્રણ દિવસીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલન દરમિયાન પાંચ મહત્વના ઠરાવો પસાર કરવામાં આવ્યાં હતાં.

પાસ કરાયેલા ઠરાવનો ઉલ્લેખ કરતાં પ્રદેશ પ્રમુખ ઈલેવાન ઠાકરે કહ્યું હતું કે, 'અમે સમગ્ર દેશમાં દ્વઈઝ લાગુ કરવા માંગીએ છીએ, સરકારના નિયંત્રણમાંથી ધાર્મિક સ્થળોને મુક્ત કરવા માંગીએ છીએ, ધર્મસ્થળો અંગેના કાયદામાં સુધારો કરવા માંગીએ છીએ, યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવા માંગીએ છીએ. વધુમાં તેઓએ જણાવ્યુ હતું કે લઘુમતીઓને આપવામાં આવતી સુવિધાઓ ખતમ કરવા ની અમારી માંગ છે અને દેશમાં વસ્તી નિયંત્રણ કાયદો લાવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.

આ સાથે તેમણે કહ્યું કે બાંગ્લાદેશથી મોટા પાયે ઘૂસણખોરીના દાવાને ધ્યાનમાં રાખીને, દ્વઈઝ લાગુ કરવી સમગ્ર દેશમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે, તેમણે કહ્યું કે વોટ બેંકની રાજનીતિ આ સમસ્યાના ઉકેલમાં અવરોધો ઉભી કરી રહી છે. "અમે ૨૦૧૦ થી આ મુદ્દા પર કામ કરી રહ્યા છીએ અને ઈચ્છીએ છીએ કે દ્વઈઝ ની કવાયત દેશના તમામ રાજ્યોમાં થાય. ઘૂસણખોરોની ઓળખ કરીને તેમને દેશનિકાલ કરવા જોઈએ. અને જો તેમ કરી ના શકાતુ હોય તો માનવતાના આધારે, તેઓને વર્ક પરમિટ આપી શકાય છે કારણ કે તેઓ આજીવિકાની શોધમાં અહીં આવે છે, તેમ ઈલેવાન ઠાકરે જણાવ્યુ હતું.તેમણે કહ્યું કે વસ્તી નિયંત્રણ કાયદો લાવવો જોઈએ કારણ કે મુસ્લિમોનો વસ્તી વૃધ્ધી દર હિંદુઓ કરતા વધુ છે અને આ અસંતુલન પેદા કરી રહ્યું છે.

ઈલેવાને દાવો કર્યો હતો કે વસ્તી વધારાને કારણે લોકોને શિક્ષણ અને અન્ય પાયાની સુવિધાઓ મળી રહી નથી. તેમણે કહ્યું કે મંદિરો અને મઠોનું સંચાલન સરકારના બદલે આ પૂજા કરતા પુજારીઓ દ્વારા કરવું જોઈએ, જેમ કે ચર્ચ અને મસ્જિદોના કિસ્સામાં હાલ થઈ રહ્યું છે તેમ. આ માટે પુજા સ્થળ એક્ટમાં સુધારો કરવો જોઈએ. આપણે પણ યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની જરૂર છે.

આ પ્રસંગે બીઆરએમના રાજ્ય પ્રમુખે તબલીગી જમાત અને પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા જેવા સંગઠનો પર પ્રતિબંધ મૂકવાની હાકલ કરી હતી.આ પ્રસંગે મહેસાણા જિલ્લાના પ્રમુખ તુષાર મોદીએ ઉપસ્થિત તમામ મહાનુભાવો અને પદાધિકારીઓને શુભેચ્છા પાઠવી હતી અને પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે અમે અમારા મહાન સ્થાપકો, સભ્યો, કાર્યકરો અને આગેવાનોનો આભાર વ્યક્ત કરીએ છીએ. જેમના અમૂલ્ય બલિદાન, તપસ્યા અને પ્રેરણાત્મક નેતૃત્વના બળ પર ભારત રક્ષા મંચે રાષ્ટ્રવાદમાં એતપ્રોત ભારતીય સંસ્કૃતિ સાથે સામાજિક ચેતના જગાવતી સંસ્થા તરીકે સમગ્ર દેશમાં પોતાની ઓળખ ઉભી કરી છે. આપણે ગૌરવશાળી રાષ્ટ્રના નિર્માણની દિશામાં વિચારવું એ દેશના નાગરિકોની પવિત્ર ફરજ છે. આપણે હંમેશા દેશ પ્રત્યે સમર્પિત રહેવું જોઈએ.

આ પ્રસંગે ભારત રક્ષા મંચના મહેસાણા જિલ્લાના મહામંત્રી સુરેશભાઈ સિંધી, જિલ્લા સંગઠન મંત્રી પરેશ પટેલ, જિલ્લા ઉપપ્રમુખ નિલેશભાઈ પંડ્યા, કનુભાઈ મોદી, રાકેશભાઈ પટેલ, હિરેનભાઈ ગુર્જર, સીતારામભાઈ પટેલ, જિલ્લા મંત્રી લલિત ગુપ્તા, જયેશ સથવારા, હિતેશ પટેલ, અલ્પેશ પટેલ, રાહુલ પ્રજાપતિ અને પ્રમેદભાઈએ સ્થાપના દિવસની ઉજવણીના આયોજનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ હિનાબેન પટેલ, ગોપાલભાઈ ઉપાધ્યાય, પ્રદેશ સંગઠન મંત્રી મિહિરભાઈ શિકારી, રાજ્ય મંત્રી દર્શનભાઈ પટેલ, હરિભાઈ પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહેસાણા જિલ્લાના મહિલા પ્રકોષ્ઠના પ્રમુખ ચંદાબેન પટેલે પ્રાંત પ્રમુખ ઈલેવાન ઠાકરને 'ગોત્રપ્રવૃત્તિભાસ્કર' પુસ્તક અર્પણ કરી સન્માન કર્યું હતું. આ પ્રસંગે મહેસાણાના સુપ્રસિદ્ધ ગણપતિ મંદિરના મહંત લાલદાસજી મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા, સાથે મહેસાણા નગરપાલિકાના કોર્પોરેટરો અને શહેરના પ્રબુદ્ધ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



પ્રહલાદ નગર વિસ્તારમાં આવેલ મ્યુનિસિપલ કોર્પોરેશન પાચા તલાવ ગાર્ડન સામે કૃષ્ણ ધામ આવાસ પોલીસ ચોકી પાસે વૃક્ષા રોપણ કાયેક્રમ યોજાયો જેમાં સુશ્રી પ્રવિણાબેન પટેલ કોર્પોરેટર જોધપુર અમદાવાદના વરદ હસ્તે તથા પી આઈ ગામીત સાહેબ તેમજ પોલીસ સ્ટાફ ની હાજરી માં સ્ટેટ બેંક રિટાયર્ડ ઓફિસર મિત્રો સેવા પ્રવૃતિ સંકલન કલ્યાણ ગ્રુપ ના સાથ અને સહકાર થી યોજાઈ ગયો

# આપણે ત્યાં આવતા સારા માઠા પ્રસંગો પર ગમતી, અનુકુળ સેવાકીય પ્રવૃત્તિઓ કરીએ



જિંદગીની સફરમાં જયારે ક્ષણભર 'પ્રસંગ' નામનો પ્રસંગ આવતો હોય ત્યારે જીવનમાં કશુંક વિશેષ થતું હોય એવું લાગે છે. બે ઘડી જીવન ક્યાંક જીવવા જેવું લાગે. ઘરમાં કોઈ શુભ પ્રસંગ હોય તો ઘર જાણે જીવતું હોય, એમાં જીવ આવી ગયો હોય તેવો અનુભવ થાય. ચારેબાજુ રાજીપો વરસતો હોય છે. સગા-વ્હાલાઓનાં હસતા મોઢા જોઈને મન મોહિત થઈ જાય છે. આવે વખતે ચાંલ્લા કરવાનો રિવાજ મોખરે આવતો હોય છે, પરંતુ હવે કેટલાંક લોકોએ આ પ્રથા બંધ કરી છે ત્યારે સમાજને આ બાબતે એક નવી દિશા સુઝાડવી જ રહી. આપણે પોતે જયારે શુભ પ્રસંગનો આનંદ માણતા જ હોઈએ ત્યારે સવિશેષ આપણે બીજાનાં જીવનમાં ચાંલ્લો કરવાનો મોકો છોડવા જેવો નથી. આ કાર્ય ઘણી રીતે કરી શકાય છે. જે કોઈને પણ જેવું સ્થળ અનુકુળ હોય એ સ્થળે થેલેસેમિયાનાં બાળકો માટે રક્તદાન કેમ્પ, જે બાળકો માનસિક રીતે ક્ષતિગ્રસ્ત હોય તેમને માટે કોઈ વિશેષ કાર્યક્રમ, જીવદયા-પાંજરાપોળોને દાન કે પછી ગૌમાતા માટે અનુદાન, જે દીકરીઓ અનાથ છે તેમને લગ્ન માટે આર્થિક મદદ વગેરે જેવા અનેક ગમતાં કાર્યો દ્વારા અન્યનાં જીવનમાં પણ આનંદની જ્યોત પ્રગટાવી શકાય છે. એવું જરૂરી નથી કે આ કાર્ય માત્ર શુભ પ્રસંગે જ કરાય. ક્યારેક કોઈ માઠા પ્રસંગો પણ આવતા હોય છે આવા પ્રસંગે વાતાવરણને પવિત્ર બનાવવા તેમજ શાંતિની લાગણી અનુભવવા માટે પણ આવા સેવા કાર્યો હાથ ધરી શકાય છે. આ રીતે આપણે અન્ય કોઈને પણ આપણા જીવનનાં સારા માઠા પ્રસંગોનો અગત્યનો ભાગ બનાવી શકીશું. ક્યારેક કોઈ દુખિયારાની દુઆ મળશે તો ક્યારેક ઈશ્વરને ખોળે કોઈ મદદની અરજી કરનારા અરજદારની સહાય કરી શકીશું.

# આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલની ગરીમામય ઉપસ્થિતિમાં સતલાસણાની કોઠારી હાઇસ્કૂલ ખાતે આરોગ્ય લક્ષી વિવિધ પ્રકલ્પો જનતાને અર્પણ

મહેસાણા

આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલની ગરીમામય ઉપસ્થિતિમાં કોઠારી હાઈસ્કુલ સતલાસણા ખાતે આરોગ્ય લક્ષી વિવિધ પ્રકલ્પનો કાર્યક્રમ યોજાયો હતો.જેમાં રાજ્ય સરકાર દ્વારા મંજુર થયેલ વિસનગર શહેર ખાતે નવિન ૨ (બે) હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરોનો શુભારંભ કરાયો હતો અને જી.ડી.હોસ્પિટલ,વિસનગર ખાતે હોસ્પિટલનાં સ્ટાફ માટે નવીન સી-ટાઈપ (૧૦ યુનિટ),ડી-ટાઈપ(૫ યુનિટ) અને ઈ-ટાઈપ (૨ યુનિટ) ક્વાર્ટસનાં બાંધકામનું ખાતમુહુર્ત કરાયું હતું.

આ પ્રસંગે આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે,આયુષ્માન ભારત કાર્ડ થકી જનતા સુધી સારવાર નિઃશુલ્ક સુનિશ્ચિત થઇ છે.આયુષ્માન કાર્ડે અનેક લોકોનું આયુષ્માન કર્યું છે.આજે આયુષ્માન કાર્ડ થકી શહેરોની મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલ સુધી સામાન્ય માણસની સારવાર નિઃશુલ્ક સુનિશ્ચિત થઇ છે.સરકાર પણ જુલાઈ મહિનામાં આયુષ્માન કાર્ડ હેઠળના આરોગ્ય વીમા કવચનો વ્યાપ ૫ લાખથી વધારીને રૂ. ૧૦ લાખ કરવાની છે. આ અવસરે આરોગ્ય મંત્રીએ કહ્યું કે,આજે રાજ્યમાં અનેક મેડીકલ કોલેજો શરુ થવાથી સારા ડોકટરો આપણને મળી રહ્યા છે તેમજ સારા પ્રમાણમાં મેડીકલ સ્ટાફ સુધી પણ આપની પોહંચ સુનિશ્ચિત થઇ શકી છે.પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રો દરેક હોસ્પિટલ ખાતે બને તેની શરૂઆત પણ કરવામાં આવી છે.



આ પ્રસંગે આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે,સગર્ભા માતાઓની,કુપોષિત માતાઓની ચિંતા રાજ્ય સરકાર કરી રહી છે.કુપોષણ દુર કરવું એ માત્ર રાજ્ય સરકારની જ નહિ પરંતુ દરેક નાગરિકની તે ફરજ છે.પોતાના ગામને કુપોષણ મુક્ત કરવું એ પણ રાષ્ટ્ર સેવા છે.કુપોષણ દુર કરવા માટે આરોગ્ય મંત્રીએ નાગરિકોને આહવાહન કર્યું હતું. આ પ્રસંગે મહેસાણાના સાંસદ શ્રીમતી શારદાબહેન પટેલ,રાજ્યસભા સાંસદ જુગલજી લોખંડવાલા,જિલ્લા પંચાયતનાં પ્રમુખ પ્રહલાદ પરમાર,ધારાસભ્ય સર્વેશ્રી કરશનભાઈ સોલંકી,મુકેશભાઈ પટેલ,સરદારભાઈ ચૌધરી,દૂધસાગર ડેરીના ચેરમેન અશોકભાઈ ચૌધરી,જિલ્લા વિકાસ અધિકારી ડો.ઓમ પ્રકાશ,મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી મહેશ કાપડિયા,અગ્રણી ગીરીશભાઈ રાજગોર,આરોગ્યના કર્મીઓ,પદાધિકારીઓ,અધિકારીઓ,લાભાર્થીઓ વગેરે હાજર રહ્યા હતા.



ગાંધીનગરમાં મુશળધાર વરસાદ બાદ શહેરમાં ચાલી રહેલી ગટર અને પાણીની લાઈનની કામગીરીને કારણે વિવિધ વસાહતી ક્ષેત્રોમાં પાણી ભરાવા સહિતની સમસ્યાના ઝડપી નિકાલ માટે શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટે સેવા હી સંગઠનના ભાવ સાથે સંગઠનના પદાધિકારીઓ, સિનિયર આગેવાનો, ચુંટાયેલા સભ્યોને તેમના વિસ્તારમાં વરસાદને લીધે જે પણ અગવડતાની પરિસ્થિતિ સર્જાઈ હોય તેની જાણકારી લઈ વહીવટી પાંખ સાથે સંકલન સાધી ઝડપથી નિકાલ આવે તે મુજબ કામ કરવા માટે જણાવ્યું હતું. વિવિધ વિસ્તારોમાં ભાજપના આગેવાનો, ચુંટાયેલા સભ્યોએ ગઈકાલે રાત થી જ રૂબરૂ જઈ નાગરિકોની સમસ્યા દૂર કરવાનું કાર્ય ચાલુ છે.

# નિઃશુલ્ક જ્ઞાન શાળા સંચાલક તરીકે જોડાઈ રાષ્ટ્ર ભાવના બાળકો માં પેદા કરો



ભારત માતા અભિનંદન સંગઠન ગુજરાત દ્વારા તારીખ ૧૦ જુન થી ધારા સભ્ય આદરણીય શ્રી રિટા બેન કેતન ભાઈ પટેલ દ્વારા સેક્ટર ૧૪ ખાતે નિઃશુલ્ક જ્ઞાન શાળા તેઓના કર કમળો થી ઉદ્ઘાટન કરી ખુલ્લી મુકેલ છે.

આ નિઃશુલ્ક જ્ઞાન શાળા માં વિદ્યાર્થીઓ ને ભારત નો ઈતિહાસ દેશ ને સ્વતંત્રતા કેવી રીતે મળી ક્યાં કારણોસર અંગ્રેજ સરકારે ભારત માં પોતાની સત્તા સ્થાપી દેશને ગુલામી ની જંજીરો માં જકડી લીધો હતો ક્યાં વીર પુરુષે બલિદાન આપ્યું છે તે અંગે તાજેતરના ભારત અને ગુજરાત વિશે બાળકોને સમજણ અને માહિતી આપી રાષ્ટ્ર ભાવના પેદા કરવાનું ભગીરથ કાર્ય નગર ના સામાજિક કાર્યકર વ્યસન મુક્તિ અભિયાન પ્રણેતા વિદ્યાર્થીઓ માટે આત્મ હત્યા નિવારણ કાર્યક્રમ યોજવા ત્થા મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર જાગૃત અભિયાન ચલાવનાર હિન્દી ગુજરાતી ભાષા ના પ્રચાર પ્રસાર નું કાર્ય કરનાર ગાંધી નગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરિટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબ ચંદ પટેલ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

ભારત માતા અભિનંદન સંગઠન હરિયાણા ની સંસ્થા ના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ છે. તે બેનર હેઠળ આ નિઃશુલ્ક જ્ઞાન શાળા ચાલે છે. રોજ અહીં સાંજે ૬ વાગ્યે એક કલાક સુધી ભણાવવામાં આવે છે. બાળકોને નાસ્તો પણ આપવામાં આવે છે.

વંદે માતરમ્ ગાન સમૂહ માં ગાઈ અભ્યાસ શરૂ કરવામાં આવે છે...જો આપ રાષ્ટ્ર ભાવના ના કાર્યમાં આપનું યોગદાન વિના મૂલ્યે આપવા માંગતા હોય તો નીચે ના નંબર પર સંપર્ક કરી શકો.

ડૉ ગુલાબ ચંદ પટેલ સંચાલક નિઃશુલ્ક જ્ઞાન શાળા ભારત માતા અભિનંદન સંગઠન અધ્યક્ષ ગુજરાત ર્ ૮૮૪૯૭૯૪૩૭૭

પોતાનો પરિચય આ નંબર પર મોકલી શકો છો.

# ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપની ભવ્ય બાઈક રેલી યોજાઈ



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગ યાદી જણાવે છે કે, તા. ૨૮ જૂન ૨૦૨૩, બુધવારે શહેર ભાજપ યુવા મોરચા દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રની ભાજપ સરકારના સફળ ૯ વર્ષ પૂર્ણ થવા નિમિત્તો ગૃહરાજ્ય મંત્રી અને યુવાઓના પ્રિય હર્ષભાઈ સંઘવી, પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડૉ. પ્રશાંત કોરાટની વિશેષ ઉપસ્થિતિમાં ભવ્ય બાઈક રેલી યોજાઈ હતી. પેથાપુર ચાર રસ્તા પર વીર મહારાણા પ્રતાપની પ્રતિમાથી બાઈક રેલીનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય સર્કલ, કુડાસણ ખાતે રેલીનું સમાપન થયું હતું. જેમાં શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશ મકવાણા, મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, યુવા મોરચા પ્રભારી ડો. નિસર્ગ વ્યાસ, શહેર યુવા મોરચા પ્રમુખ યુવરાજસિંહ ચાવડા સહિત ખુબ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને યુવાનો જોડાયા હતા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.